**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ**

**Date : 14-05-2026 Day : Thursday Morning : 6.50 to 7.50 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

**PM – ઇંધણ બચત પર અમલ :**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ઘરેલુ પ્રવાસ માટે ઇંધણ બચતની કરેલી અપીલ પર અમલ કરવાનું શરુ કરી દીધું છે. તેમણે ખુદ તેમના કાફલાનું કદ ઘટાડ્યું છે. વિશેષ સુરક્ષા સમૂહ – SPG પ્રોટોકૉલ અંતર્ગત જરૂરી તમામ આવશ્યક સુરક્ષા વ્યવસ્થાઓ યથાવત્ રખાઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ, પ્રધાનમંત્રીએ તેમના કાફલામાં વાહનોની સંખ્યામાં ઘટાડો ગુજરાત અને આસામના તેમના તાજેતરના પ્રવાસ દરમિયાન કર્યો હતો.

આ પગલું પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે આયાત થતા ઈંધણ પર નિર્ભરતા ઘટાડવા અને પર્યાવરણ અનુકૂળ વિકલ્પ અપનાવીને આર્થિક મજબૂતીમાં યોગદાન આપવા કરાયું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ તેમના કાફલાની સંખ્યા અડધાથી પણ ઓછી કરી દીધી છે.

-----------------------------------------------------------------------------------------

**CM – કાફલાના કદમાં ઘટાડો :**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઈંધણ બચત અંગેની અપીલ બાદ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મંત્રીમંડળના સભ્યોએ પણ તેમની ગાડીઓનો કાફલો ઘટાડ્યો. મુખ્યમંત્રી અમરેલીમાં એક કાર્યક્રમમાં માત્ર પાંચ ગાડીના કાફલા સાથે પહોંચ્યા હતા.

જ્યારે નાયબ મુખ્યમંત્રીના કાફલામાં પણ હવે માત્ર ત્રણ ગાડી જોવા મળશે. કેટલાક વિભાગની બેઠકો વર્ચ્યૂઅલ માધ્યમથી યોજવા પણ નિર્ણય કરાયો હોવાનું કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું.

-----------------------------------------------------------------------------------------

## ગુજરાતની પ્રથમ સેમી હાઇસ્પીડ રેલ :

કેન્દ્રીય મંત્રીમંડળે અંદાજે 20 હજાર 667 કરોડ રૂપિયાના ખર્ચે અમદાવાદથી ધોલેરા સુધી સેમી હાઇસ્પીડ દ્વિમાર્ગી રેલવે પરિયોજનાને મંજૂરી આપી છે. આ ભારતીય રેલવેનો પ્રથમ સેમી હાઈ-સ્પીડ પ્રોજેક્ટ હશે, જેનું સ્વદેશી રીતે વિકસિત ટેકનોલોજીથી નિર્માણ કરાશે. અમદાવાદ જિલ્લાને આવરી લેતો આ પ્રોજેક્ટ હાલના માળખામાં આશરે 134 કિલોમીટરનો વધારો કરશે. જેનાથી આશરે 284 ગામોની કનેક્ટિવિટી વધશે.

આ અંગે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, આ પ્રોજેક્ટ અમદાવાદ, ધોલેરા SIR, ધોલેરા એરપોર્ટ અને લોથલ નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ વચ્ચે ઝડપી કનેક્ટિવિટી પ્રદાન કરશે.

ભારતનો પ્રથમ સેમી હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ ગુજરાતને ફાળે જવાથી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.

---

## લઘુતમ ટેકાના ભાવ :

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ માર્કેટિંગ સીઝન 2026-27 માટે 14 ખરીફ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ-MSPમાં વધારો કર્યો છે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, સરકારે ખેડૂતોને તેમના ઉત્પાદન માટે લાભદાયી ભાવ સુનિશ્ચિત કરવા માટે MSPમાં વધારો કર્યો છે. તેમણે ઉમેર્યું કપાસ માટે પ્રતિ ક્વિન્ટલ 557 રૂપિયા, તલ માટે 500 અને મગફળી માટે 254 રૂપિયાનો વધારો કરાયો છે.

---

## ESIC બેઠક :

ગાંધીનગરમાં કર્મચારી રાજ્ય વીમા નિગમ-ESIC પ્રાદેશિક બોર્ડની 93મી બેઠક યોજાઈ, જેમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ શ્રમ કલ્યાણ અને સામાજિક સુરક્ષાના

મુદ્દાઓ પર ચર્ચા કરી. વર્ક ફ્રોમ અંગે શ્રી બાવળિયાએ જણાવ્યું હતું કે, "જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી ઓનલાઇન કામ માટે પ્રયત્નો કરાશે. એસોસિએશન સાથે બેઠક બાદ નિર્ણય લેવાશે.

-----------------------------------------------------------------------------------------

**ગુજરાતના લોકાયુક્તની નિમણુક :**

ગુજરાતના લોકાયુક્ત તરીકે સેવાનિવૃત્ત ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવની નિમણૂક કરવામાં આવી છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત એ ગઈકાલે ગાંધીનગર લોકભવન ખાતે તેમને શપથ લેવડાવ્યા હતા. આ શપથવિધિ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકરચૌધરી, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મંત્રીમંડળના સભ્યો તેમજ વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-----------------------------------------------------------------------------------------

**કંડલા બંદરે શ્રમિકોના મોત :**

કંડલા પોર્ટ પર ગઈ કાલે એક વિશાળ જહાજ પર કામ કરી રહેલા 3 શ્રમિકોના ઝેરી ગેસની અસર હેઠળ શ્વાસમાં ગેસ ભરાઈ જતા કરુણ મોત નીપજ્યા હતા. બર્થ નંબર 13 પર લાકડા ભરેલા 'એમ.વી. પાન ઓપ્ટિમમ' જહાજમાં કાર્ગો ઓપરેશન ચાલી રહ્યું હતું તે દરમિયાન આ ઘટના સામે આવી હતી. ત્રણ શ્રમિકો બેભાન હાલતમાં મળી આવતા જહાજના ક્રૂ મેમ્બર અને પોર્ટના સ્ટાફ દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ત્રણેયને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ શ્રમિકો મૂળ ઉત્તરપ્રદેશના વતની હતા અને હાલ કંડલા ખાતે રહીને મજુરી કામ કરતા હતા.

-----------------------------------------------------------------------------------------

**હવામાન :**

કચ્છમાં બે દિવસ માટે જારી કરાયેલા ઓરેન્જ એલર્ટ વચ્ચે દરિયાકાંઠા વિસ્તારમાં ગરમીનું પ્રમાણ વધ્યું હતું. કંડલા પોર્ટમાં પારો 43 ડિગ્રીએ પહોંચતાં વર્તમાન ઉનાળાની સિઝનનો સૌથી ગરમ દિવસ અનુભવાયો હતો.

અંજાર-ગાંધીધામને આવરી લેતા કંડલા (એ.)માં મહત્તમ પારો 43 ડિગ્રી રહ્યો હતો. તો, જિલ્લામથક ભુજમાં મહત્તમ પારો 39.8 ડિગ્રીએ પહોંચતાં પ્રખર તાપમાં મામૂલી રાહત મળી હતી. દરમ્યાન, રાજ્યમાં હીટવેવ પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઈ છે.

-------------------------------------------------------------------------------------------